તાપમાન
મહત્તમ : ૩૮.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૨૭ ટકા

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૪૪ | ૨૫ એપ્રિલ, ૨૦૧૬, સોમવાર ; ચૈત્ર વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

મનપાની ચૂંટણીમાં ૫૨ ટકા મતદાન

ગત ચૂંટણી કરતાં ૬ ટકા મતદાન ઘટ્યુ : ઓનલાઈન વોટીંગ ૮૦ ટકા થયુ : સૌથી વધુ વોર્ડ નં. ૨માં ૬૦.૨૬ ટકા તો સૌથી ઓછુ વોર્ડ નં. ૩માં ૪૫.૧૪ ટકા મતદાન નોંધાયુ

કયા વૉર્ડમાં કેટલું મતદાન

વોર્ડ નં.	વોર્ડનું નામ	મતદાન
૧	વોર્ડ નં.૧	૪૯.૨૦
૨	વોર્ડ નં. ૨	૬૦.૨૬
૩	વોર્ડ નં. ૩	૪૫.૧૪
૪	વોર્ડ નં. ૪	૫૫.૬૮
૫	વોર્ડ નં. ૫	૫૦.૪૩
૬	વોર્ડ નં. ૬	૫૩.૫૪
૭	વોર્ડ નં. ૭	૫૨.૧૨
૮	વોર્ડ ને. ૮	૫૦.૦૬
સરેરાશ મતદાન		૫૧.૯૫

૪૦૩ ઈ.વોટર્સે મતદાન કર્યું

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગરપાલિકાના દ્વિતીય સામાન્ય ચૂંટણી જંગમાં ૪૦૩ ઈ.વોટર્સે મતદાન કર્યું હતું.

મનપાના આ ચૂંટણી જંગમાં ૪૬૪ ઈ.વોટર્સ નોંધાયા હતા. જે પૈકી ૪૦૩ મતદારોએ ઈ.વોટીંગ કર્યું હતું. ઈ.વોટર્સ તરીકે રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રી સહિતના મહાનુભાવો રજીસ્ટર્ડ થયા હતા.

પહેલીવાર પંચે ગાંધીનગર કલેક્ટર કચેરીમાં ૩ ઈ.વોટર્સ માટે મતદાન મથક પણ બનાવ્યુ હતુ.

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે યોજાયેલ દ્વિતીય સામાન્ય ચૂંટણીમાં સરેરાશ ૫૨ ટકા મતદાન નોંધાયું છે. ગત સામાન્ય ચૂંટણી કરતાં છ ટકાનો ઘટાડો મતદાનમાં જોવા મળ્યો છે.

લગ્નસરા, પરીક્ષાનો માહોલ તેમજ મતદારોની ઉદાસીનતા અને રાજકીય પક્ષોના કાર્યકરોની મતદારોને લઈ આવવાની નિષ્ક્રિયતાને લઈ મતદાનમાં ઘટાડો નોંધાયો છે.

આજે સવારે ૮ વાગે શરૂ થયેલુ મતદાન પ્રારંભમાં ધીમી ગતિએ હતુ. જો કે આ પછી ૧૦ થી ૧૨ના ગાળામાં સૌથી વધુ સરેરાશ ૧૫ ટકાની વૃદ્ધિ મતદાનમાં જોવા મળી હતી. ૧૦ વાગ્યા સુધીમાં ૧૨.૪૬ ટકા મતદાન નોંધાયુ હતુ. જ્યારે ૧૨ વાગ્યા સુધીમાં ૨૭.૫૪ ટકા જેટલુ મતદાન નોંધાયું હતું.

૧૨ થી ૨ના ગાળા દરમ્યાન મતદાનમાં ૧૦ ટકાનો વધારો જોવા મળ્યો હતો. ૨ વાગ્યા સુધીમાં ૩૭.૭૯ ટકા મતદાન નોંધાયુ હતુ. બપોરના સમયે આકરો તાપ હોવાથી ૧૨ વાગ્યા સુધીમાં આવેલા વધારામાં પણ ઘટાડો થવા પામ્યો હતો.

૨ થી ૪ના ગાળા દરમ્યાન ૯ ટકા મતદાનમાં વધારો જોવા મળ્યો હતો. જ્યારે ૪ થી ૫ ના છેલ્લા કલાકમાં સરેરાશ ૬ ટકા જેટલો જ વધારો નોંધાયો હતો.

જિલ્લા પંચાયતો અને અન્ય મહાનગરોની ચૂંટણીના મતદાનની ટકાવારીમાં સરેરાશ ૩ થી ૪ ટકાનો વધારો જોવા મળ્યો હતો. જ્યારે ગાંધીનગર મહાનગરપાલિકાના જંગમાં ૬ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે.

ગાંધીનગર મહાનગર પાલિકાના આજના મતદાનમાં સૌથી વધુ મતદાન વોર્ડ નં. ૨માં નોંધાયુ છે જ્યાં ૬૦.૨૬ ટકા મતદાન થયું છે. તો સૌથી ઓછુ મતદાન વોર્ડ નં. ૩માં નોંધાયું છે. જ્યાં ૪૫.૧૪ ટકા જેટલુ મતદાન નોંધાયું છે.

શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન સંપન્ન થયુ હતુ. જો કે દિવસ દરમ્યાન તંત્રને ઉમેદવારો દ્વારા સરઘસ યોજ્યુ હોવાની, સે. ૩૦માં બન્ને પક્ષના કાર્યકરો વચ્ચે જીભાઝોડી બાદ મામલો ઝપાઝપી સુધી પહોંચ્યો હોવાની સામાન્ય ફરિયાદો મળી હતી. ક્યાંક મતદાન માટે મતદાર દ્વારા રજુ કરાયેલ આધાર કાર્ડ માન્ય નહિ રખાયાની, મનપાની હેલ્થ લાઈનનો નંબર બંધ આવતો હોવાની ફરિયાદો પણ મળી હતી.

● અનુસંધાન પાન-૭ પર

આજથી સંસદનું બજેટ સત્ર

ઉત્તરાખંડ, ઇશરત કેસ છવાય તેવા એંધાણ : કોંગ્રેસ અને અન્ય વિરોધ પક્ષો સરકારને ભીંસમાં લેવા તૈયાર : પનામા પેપર લીક, દેશના જુદા જુદા ભાગોમાં દુષ્કાળ અને પાણીની કટોકટી, આતંકવાદ, ભારતની આંતરિક સુરક્ષા, મોંઘવારી સહિતના મુદ્દાઓ ચમકશે

નવી દિલ્હી, તા. ૨૪

રાજકીય વર્તુળોમાં જેની

ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે સંસદના બજેટ સત્રના બીજા તબક્કાની આવતીકાલથી શરૂઆત થઈ રહી છે જે ભારે તોફાની બને તેવા એંધાણ દેખાઈ રહ્યા છે. કોંગ્રેસ અને અન્ય વિરોધ પક્ષો ઉત્તરાખંડના મુદ્દા ઉપર સરકારને ભીંસમાં લેવા માટે તૈયાર છે. પનામા પેપર લીક, વર્તમાન દુષ્કાળ, પીવાના પાણીની કટોકટી સહિતના મુદ્દાઓ છવાઈ જાય તેવી શક્યતા છે. આમ આદમી પાર્ટીના સભ્યો લોકસભામાં વિદર્ભ રાજ્યનો મુદ્દો ઉઠાવે તેવી શક્યતા છે. બીજી બાજુ સુબ્રમણ્મય સ્વામી, નવજોત સિદ્ધૂ અને સ્વપ્નદાસ ગુપ્તા નવા સભ્ય તરીકે દેખાશે. ૨૫મી એપ્રિલથી લઈને ૧૩મી મે વચ્ચે ૧૫ બેઠકો યોજાશે. કેટલાક મહત્વપૂર્ણ બિલ રહેલા છે. સરકાર બંને ગૃહોમાં જુદા જુદા બિલ હાથ ધરનાર છે. લોકસભામાં ૧૩ અને રાજ્યસભામાં ૧૧ બિલ હાથ ધરવાની યોજના છે. રાજ્યસભામાં ઉત્તરાખંડના મુદ્દે ભારે હોબાળો રહે તેવી શક્યતા છે. બીજી બાજુ એનડીએ ઇશરત પ્રકરણને લઈને કોંગ્રેસ ઉપર દબાણ લાવે તેવી શક્યતા છે. બજેટ સત્રમાં કેટલીક નાણાંકીય બાબતો રહેલી છે.

છેલ્લા વર્ષે બે સત્ર સંપૂર્ણપણે ધોવાઈ ગયા બાદ સરકાર ભારતમાં સૌથી મોટા ટેક્સ સુધારા જીએસટીને અમલી બનાવવા માટે ઇચ્છુક છે. સોમવારથી શરૂ થતું બજેટ સત્રનો આ બીજો ભાગ હશે. ૧૬મી માર્ચે પ્રથમ ચરણ સમાપ્ત થયા બાદ બંને ગૃહોનું સત્રાવસાન કરવામાં આવ્યું

● અનુસંધાન પાન-૭ પર

દરેક કર્મચારીનું માત્ર એક પીએફ એકાઉન્ટ રહેશે : પહેલીથી અમલી

સમય કરતા પહેલા પીએફની રકમ ઉપાડી શકાશે નહીં : નવી એક કર્મચારી એક પીએફ ખાતાની વ્યવસ્થાથી રાજ્ય સરકારોને તેની પેન્શન પ્રણાલી સાથે જોડવામાં મદદ મળશે : કર્મચારીઓને ફાયદાઓ રહેશે

નવીદિલ્હી,તા. ૨૪

ઈપીએફઓ દ્વારા હવે નવી વ્યવસ્થા અમલી બનાવવામાં આવી રહી છે જેના ભાગરુપે ઈપીએફઓ પહેલી મેના દિવસથી એક કર્મચારી એક ઈપીએફ ખાતા યોજનાને લોંચ કરનાર છે. આના ઉપર અંતિમ ચર્ચા ચાલી રહી છે. સંગઠનનું માનવું છે કે, આનાથી લોકો સમય કરતા પહેલા ભવિષ્ય નિધિમાં રહેલા નાણા ઉપાડી શકશે નહીં. સાથે સાથે રાજ્ય સરકારોને તેની પેન્શન પ્રણાલી સાથે જોડવા માટે પ્રોત્સાહન પણ આપી શકાશે. કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠનની ૨૧મી એપ્રિલના દિવસે યોજાયેલી એક મહત્વપૂર્ણ બેઠકમાં આ અંગેનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ અગાઉ સરકાર ૨૧મી એપ્રિલના દિવસે પીએફ ઉપાડ સાથે સંબંધિત પોતાના વિવાદાસ્પદ નિર્ણયને

પરત ખેંચી ચુકી છે. ગુરુવારના દિવસે બેઠકમાં ઈપીએફઓના કેન્દ્રિય ભવિષ્ય નિધિના અધિકારી વીવી જોય ભવિષ્ય નિધિ ઉપાડના માપદંડના સંબંધમાં વિવાદ ઉપર ચર્ચા કરી હતી. જોયે કહ્યું હતું કે, કર્મચારીઓ અને કંપનીઓ વચ્ચે પ્રભાવી વાતચીતનો દોર જરૂર છે. તેમણે કહ્યું હતું કે, કર્મચારીઓ દ્વારા દરેક વખતે નોકરી બદલવા ઉપર ઉપાડ સાથે સંબંધિત મુદ્દે સમાધાન સાનુકુળરીતે રહે તે જરૂરી છે. ઉપાડની સુવિધા સારી રીતે મળવી હતી. તેમનું માનવું છે કે, કંપની અને કર્મચારીઓને પોતાના વ્યક્તિગત પ્રોફાઈલ સાથે જોડાયેલી રકમને

● અનુસંધાન પાન-૭ પર

M.D. SIR
(MATHS SIR)
• Std. 11th-12th Maths
• JEE Special Sir
• Std. 10th Maths-All Board
• Eng-Guj both Medium
• 24 years Exp. Sir
• Group-Personal tuition at your home
Author of Harvy Prakashan
Mob. 9377128297, 9726408128
Plot No. 353/1, Sec.2-B, Gandhinagar

www.chipsairexp.com
પરદેશ પાર્સલ સેવા
CHIPS Express Pvt Ltd
હિતી મોલ, એફ-૨, સીટીમોલ-૨ સામે, કલોલ
M.: 9227706105 9898036257
10+ U.K. : 170/- • 30+ U.S.A. : 260/-
30 + CANADA : 340/-
અટારીયા, ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsairinternational@yahoo.co.in

દિલોજાન મિત્ર રાજને
પ્રથમ માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. રાજદિપસિંહ જશવંતસિંહ રહેવર
સ્વ. તા. ૨૫-૩-૨૦૧૬

મિત્ર, તારા ગયા પછી બધુ જ સુમસામ ને ખામોશ છે,
રહી ગઈ છે વેદના અને આંસુઓની ખારાશ છે.
નાનીશી તારી જીંદગી હતી પણ મોટી માયા લગાડી ગયો,
જીવન થોડું જીવ્યો પણ યાદો વધારે મુકી ગયો.
સદા હસતો તારો વત્સલ ચહેરો સૌને રડાવી ગયો.
હે પરમાત્મા તમારા ખજાનામાં ક્યાં ખોટ હતી કે
અમારા મિત્રોના ખજાનામાં લૂંટ કરી...
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...

આકાશ પટેલ અને સમસ્ત એન. પી. પટેલ પરિવાર